# વો જબ યાદ આયે બહુત યાદ આયે!

ભરત ઘેલાણી

> આપણાં રોજિંદા જીવનમાંથી વિદાય લઈ ચૂકેલાં અમુક સાધન ઉપરાંત ડિજિટલ યુગની કેટલીક લોકપ્રિય એપ્લિકેશન્સ પણ વિદાય લઈ ચૂકી છે એ બધાને આપણે આજે પણ કેમ અને કેવી રીતે યાદ કરીને મમળાવીએ છીએ...?

કેટલીક વાત તો આપણી સ્મૃતિમાંથી ક્યારેય ભૂલાશે નહીં. બહુ નાનપણની વાત એકાદ-બે અપવાદ સિવાય ભાગ્યે જ યાદ રહે. કદાચ યાદ રહી ગયું હોય તો આપણને એ સમયે બહુ જ ગમતું એકાદ રમકડું... સમય વીતતાં ક્રમશ: બીજી અનેક ચીજ-વસ્તુ રોજિંદી જિંદગીમાં ગોઠવાતી ગઈ. એમાંય અમુક ઈલેક્ટ્રોનિક ગેજેટસ - એવાં હતાં જેના વગર ગઈ કાલ સુધી તમને આ દુનિયા અધૂરી લાગતી હતી એ બધાં સાવ અચાનક સપનામાં પણ કલ્પના નહોતી કરી ત્યાં તમારી નજર સામેથી જ અલોપ થઈ ગયાં. અલબત્ત, એની જગ્યા બીજાએ લીધી, છતાં તમારું મન તો 'પેલી'માં જ આજે પણ અટવાયેલું છે...

ઉદાહરણ રૂપે, એવી થોડી બ્રાન્ડસ કે ઉપકરણો લઈએ. છેક ૧૮૪૪ની સાલથી અસ્તિત્વમાં આવેલા ટેલિફોન માનવ વચ્ચેના સંદેશવ્યવહારની સુવર્ણ શરૂઆત ગણાય. વાયરના દોરડાથી સંકળાયેલા ફોનનાં ચકરડાં ઘુમાવીને કોઈ સાથે વાત કરી શકાય એવાં કાળા ડબલાવાળા ફોન પર આપણે પણ વાત કરી છે. એની નાનપણની સ્મૃતિ હજુ પણ તાજી છે. સમય જતાં એ લેન્ડલાઈન ફોનની જગ્યાએ પુશ બટનવાળા ફોન આવ્યા. એ દરમિયાન આપણને મેગેઝિન્સ અને વિદેશી ફિલ્મોમાં લંડનના ફેમસ ટમેટા જેવાં લાલચટ્ટાક ફોનબુથ જોવા મળતાં.

વડા પ્રધાન રાજીવ ગાંધીના શાસન કાળમાં આપણે ત્યાં પણ લોકલ-એસટીડી ફોન બુથ આવી ગયા. એ વખતે લેન્ડલાઈન- ઘેર ફોનનું જોડાણ મેળવવા માટે લાંબી કતાર લાગતી. સામાન્ય માણસ,જેને એ પોષતા નહતા એમના માટે લોકલ ફોન બુથ ઉપકારક નીવડયા.

અમારા જેવા પત્રકારોનેય એ ઉપયોગી થયા. એવે વખતે સંદેશની દુનિયામાં 'બીપ.. બીપ'ના અવાજ સાથે રણકતાં હાથવગાં એવાં પેજર-બિપર ઉપકરણે ધડાકાભેર પ્રવેશ કર્યો. માત્ર મેસેજની આપ-લે માટે વપરાતું આ ટચૂકડું સાધન આમ તો છેક ૧૯૫૦થી માર્કેટમાં આવી ગયું હતું પણ એની ખરી ઉપયોગિતાની નોંધ ૧૯૮૦માં લેવામાં આવી.

ખાસ કરીને, લેન્ડલાઈનથી સમીપ ન હોય એવા તબીબ કે પોલીસ જેવી તાકીદની સેવા સાથે સંકળાયેલાં લોકો માટે એ ખરા અર્થમાં ઉપયોગી સાધન બની ગયું. જો કે મોબાઈલ ફોનના આગમન સાથે પેજરનો યુગ અચાનક આથમી ગયો. હા, અપવાદરૂપ કેનેડા જેવા દેશમાં તો ૨૦૧૩ સુધી વર્ષે ૧૯ મિલિયન ડોલરનું ટર્નઓવર કરતી આ પેજર સર્વિસ લોકપ્રિય રહી.

જો કે, પેજર વખતે સંદેશવ્યવહારની નવી દુનિયા શરૂ થઈ ત્યારે એની સમાંતરે સમાચાર વ્યવસાય સાથે સંકળાયેલાં લોકોને ટેલિપ્રિન્ટર-ટેલેક્સ-ફેક્સ મશીનની સગવડ મળવા માંડી. એમાં ફેક્સનું ચલણ તો સામાન્ય ઓફિસોમાંય વધી ગયું. એ પછી તો છેક 1868ની સાલથી નાના-મોટા ફેરફારો સાથે એકચક્રી સામ્રાજ્ય જમાવી બેઠેલા ટક .ટ્ક..ટક' કરતાં ટાઈપરાઈટરની દુનિયા સમેટાવા લાગી ને કમ્પ્યુટર -લેપટોપ-ડિજિટલ પેડ જેવાં ઉપકરણોની કતાર લાગી. ઈલેક્ટ્રોનિક્સની દુનિયા એવી સુપર ફાસ્ટ રહી કે આંખના પલકારામાં પ્રોડક્ટસ આવે અને અલોપ થઈ જાય. એમાંથી કેટલાંકને જસ્ટ ઝડપથી યાદ કરી લઈએ તો... ટેપરેકોર્ડર માટેની ઓડિયો કેસેટ, ફલોપી ડિસ્ક- વીએચએસ-ડીવીડી પ્લેયર, ઈત્યાદિ. આની સાથે મનોરંજન



અને મ્યુઝિક વર્લ્ડમાંય નોંધપાત્ર વળાંક આવ્યા.

આ જ રીતે , ડિજિટલ યુગ અને સોશ્યલ નેટવર્કિંગ પ્લેટફોર્મ્સના પ્રારંભમાં એવી કેટલીય એપ્લિકેશન હતી જે એ વખતે ખાસ્સી લોકપ્રિય નીવડેલી, જેમ કે ગુગલ 'રિડર '(RSS) - ગુગલ 'બઝ'- માઈક્રોસોફ્ટની 'વુડર્લિસ્ટ '- 'ઓર્કુટ '- 'ICQ 'અને તસવીરકારોની સૌથી માનીતી એપ 'પિકાસો' ઈત્યાદિ! આવી એપ્સ આવી અને ધૂમકેતુની જેમ ચમકારો બતાવીને ભૂતકાળની ક્ષિતિજમાં અલોપ થઈ ગઈ...

જો કે આપણે અહીં માત્ર અમુક સાધન કેવી રીતે આવ્યાં અને ભૂતકાળમાં કઈ રીતે વિલીન થઈ ગયાં એની જ વાત કરવી નથી. એની નામાવલિ લાંબી-



પહોળી છે. બીજી તરફ, કેટલીય સેલેબ્સ - જાણીતી વ્યક્તિઓનેય આવાં ઉપકરણોનું કેવું આકર્ષણ હતું એની વાત પણ રસપ્રદ છે.

આજે મોબાઈલની અનેક બ્રાન્ડમાં જેની 'આઈ ફોન' બ્રાન્ડ અવ્વલ નંબરે છે એ જ એપલ કંપનીની એક અન્ય તગડી બ્રાન્ડ આઈપોડને ૧૨ મે-૨૦૨૨ના સત્તાવાર રીતે વિદાય કરવામાં આવી. ૨૦૦૧માં આઈપોડના આગમન સાથે મ્યુઝિકની દુનિયામાં જબરી ઊથલપાથલ મચી ગઈ હતી.

હથેળીમાં સમાઈ જતું આઈપોડ એક એવું ડિજિટલ સાધન હતું, જેમાં અસંખ્ય ગીત-સંગીત-ફિલ્મોની ક્લિપ્સ સમાઈ જતી. આઈપોડ હોવો એ મોભાનું પ્રતીક ગણાતું. અમેરિકાના બરાક ઓબામા પ્રેસિડેન્ટની ચૂંટણી સભાઓમાં એ પોતાના આઈપોડમાં ક્યાં ક્યાં ગીતો છે એની રસપ્રદ વાત કરતા. પાછળથી એમણે એક ઈપોડ બ્રિટનનાં મહારાણીને ભેટ આપ્યો એ બાદ તો આઈપોડની માર્કેટ જબરી ઊંચકાઈ હતી. શરૂઆતનાં સાત વર્ષમાં તો આઈપોડનું વેચાણ ૧૦૦ મિલિયન ( ૧૦ કરોડ ) નો આંક ઓળંગી ગયું હતું.

બરાક અમેરિકાના પ્રમુખ બન્યા એ પહેલેથી એમનો ચહીતો મોબાઈલ ફોન હતો કેનેડાનો 'બ્લેકબેરી'. સુરક્ષા અને ગોપનીયતાના નિયમો મુજબ અમેરિકાના પ્રેસિડેન્ટ બીજા દેશનો ફોન વાપરી ન શકે પણ બરાકે 'બ્લેકબેરી'જ વાપરવાની એવી જીદ પકડી કે 'બ્લેકબેરી'ના નિર્માતા કંપની ('રિસર્ચ ઈન મોસન - રીમ') એ સજ્જડ ગોપનીયતા જળવાઈ રહે એવી સુરક્ષા સાથે માત્ર 'બ્લેકબેરી'નું એક જ પીસ ખાસ તૈયાર કરીને બરાકને ભેટ આપ્યું હતું, જેની કિંમત એ જમાનામાં હતી ૫૦ હજાર ડોલર... આજના આશરે ૪૫ લાખ રૂપિયા!

બરાક ઓબામાના બ્લેકબેરી-આઈપોડ જેવી જ એક અન્ય લોકપ્રિય બ્રાન્ડ હતી વોકમેન...

અનેક નાટકોના જાણીતા અને પછી ટી.વી. સિરિયલના 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના જગવિખ્યાત જેઠાલાલ ઊર્ફે દિલીપ જોશીને તો છેલ્લા ત્રણ-ચાર દાયકા દરમિયાન રોજિંદા વપરાશમાં આવતી સંખ્યાબંધ ચીજ-વસ્તુઓ હોઠે છે. દિલીપ જોશી કહે છે: 'આજે વોશિંગ પાવડર 'નિરમા'ની જિંગલ ભલે ગૂંજે છે પણ સ્કૂલમાં પીટીના પિરિયડ વખતે સફેદ શર્ટને વધુ ઉજળું કરવા વપરાતું 'ટીનોપાલ'- 'રાનીપાલ' જેવી બ્રાન્ડ કેમ ભૂલાય? કેસેટ પ્લેયરનો જમાનો હતો,પણ 'વોકમેન'નું તો સામ્રાજય હતું. મારા જેવાં મ્યુઝિક લવર માટે તો એ ખરી સંપત્તિ હતી.

ખિસ્સામાં વોકમેન સરકાવી એનાં ઈયર ફોનના બે છેડા કાનમાં ખોસી તમે બહાર નીકળો તો લોકો જોઈ રહેતાં - રેલો પડતો આપણો...લોકલ ટ્રેનની લાંબી જર્નીમાં કે પછી એ જમાનામાં અમારા જેવાં યુવાનોના એકાંતનું હમસફર એવાં વોકમેનની પણ વિદાય થઈ ગઈ. એવી તો કંઈ કેટલીય વસ્તુઓ-એની જગવિખ્યાત બ્રાન્ડસ આજે ભલે ભૂતકાળના ગર્તામાં ધકેલાઈ ગઈ,પણ એની યાદ હજુ તાજી છે.''

એ જ રીતે, કેસેટ-વિડિયો-ડીવીડી પ્લેયરની વિદાયને યાદ કરતાં ગુજરાતી રંગભૂમિ તેમજ ટી.વી. સિરિયલ 'ભાખરવડી' અને હવે લોકપ્રિય બનેલી 'પુષ્પા- ઈમ્પોસિબલ 'ની જાણીતી અદાકાર ભક્તિ રાઠોડને પપ્પાએ અપાવેલા 'યાશિકા' કેમેરા હજુય યાદ છે. નાની વયે ફોટા ક્લિક કરવાનો જબરો શોખ. ભક્તિ કહે છે: 'એમાંય પપ્પા પાસેથી ટ્રીક ફોટોગ્રાફી શીખી પછી ૧૨ કે ૩૫ ફ્રેમના રોલ ડાર્ક રૂમમાં ધોવા - ડેવલોપ થવા જાય ત્યારે એની સમગ્ર પ્રક્રિયા નજર સામે જોવાની મને જે ઉત્તેજના થતી એનો રોમાંચ હજુ પણ ભૂલી નથી.. હવે ડિજિટલ કેમેરા આવી ગયા.આજે હું સ્માર્ટફોનના કેમેરા વાપરું છું. ખાસ કરીને ટ્રાવેલિંગ અને સેલ્ફી માટે એ હાથવગા ખરા, પણ બધું આપમેળે -ઓટોમેટિક થાય એમાં લેન્સ પાછળના સર્જક એવા તસવીરકારની મહત્તા ઘટી ગઈ...'

ફિલ્મ -સિરિયલ્સના જાણીતા લેખક -ગીતકાર -કોલમકાર સંજય છેલ પણ કહે છે કે નાના હતા ત્યારે જોયું હતું કે બહારગામનાં સગાં -વહાલાં સાથેનો વ્યવ્હાર પોસ્ટકાર્ડ પર ચાલતો. રાજીપાના સમાચાર હોય કે પછી 'લૂગડાં ઊતારીને વાંચજો 'એવા વાક્ય સાથે કોઈના અવસાનના સમાચાર પણ પોસ્ટકાર્ડ પર પહોંચતા... લગ્ન જેવા શુભ અવસરે તો ખુશાલીના ટેલિગ્રામ આવતા અને એ વખતે ઘરવાળા પોસ્ટમેનને ખુશાલી સાથે બક્ષિસ પણ આપતા! 'સંજય છેલ ઉમેરે છે : ''ત્યારે ઝેરોક્ષ કોપીનો જમાનો ન હતો. કોઈ પણ લખાણની વધુ નકલ કાઢવામાં માટે સ્ટેન્સિલ પેપર પર લખાતું પછી એની સાઈક્લોસ્ટાઈલ કોપીઓ નીકળતી. નાટક -ફિલ્મોની સ્ક્રિપ્ટ આમ તૈયાર થતી.'' સંજય છેલ ભૂતકાળમાં ડૂબકી મારતાં ઉમેરે છે:

'નવો નવો હું ફિલ્મલાઈનમાં આવ્યો ત્યારે કાચી ફિલ્મ પર ફિલ્મ શૂટ થતી.એ બહુ મોંઘી આવતી ત્યારે એનો ઉપયોગ બહુ સમજી -વિચારીને થતો.

મોંઘી ફિલ્મ વેડફાય નહીં એ માટે શોટ પહેલેથી વિચારીને -મનોમન એડિટ કરીને હૃષિકેષ મુખરજી- રાજ કપૂર - ગુરુદત્ત જેવા ડિરેક્ટર એ શૂટ કરતા! આજે ડિજિટલ કેમેરા આવી ગયા છે એટલે સમગ્ર સિનારિયો જ પલ્ટાઈ ગયો છે... '

બીજી તરફ, લોકપ્રિય ટી.વી. સિરિયલ્સ સર્જતી 'હેટ્સ ઓફ'ના પ્રખ્યાત નિર્માતા-અભિનેતા જે.ડી (જમનાદાસ મજેઠિયા) કહે છે : 'આજે આપણી સામે 'કુછ મીઠા હો જાય'વાળી 'કેડબરી'ની ચોકલેટ્સ છે, પણ હું હજુ આજેય 'રાવલગાંવ' પિપરમેન્ટ ચગળવાનો સ્વાદ ભૂલ્યો નથી.'

આ સમગ્ર વિષયને સ-રસ રીતે સમેટી લેતાં જે.ડી. ઉમેરે છે કે 'સોની'ની મ્યુઝિક કેસેટથી લઈને ડીવીડી પ્લેયર અને 'બ્લેકબેરી' જેવાં એ જમાનાના અતિ લોકપ્રિય મોબાઈલ ફોનની સાથે અનેક બ્રાન્ડસ આપણા રોજિંદા જીવનને એવી સ્પર્શી ગઈ હતી કે એ કદીય નહીં જાય એવું લાગતું હતું,પણ કોડાક કેમેરા -બ્લેકબેરી કે નોકિયા જેવા સેલફોન ,જેમણે સમય સાથે કદમ નથી મિલાવ્યા એ બધાએ પરિવર્તનની પ્રક્રિયામાં વસમી વિદાય લેવી પડી છે.. આર્થિક ઉન્નતિ સાથે આ જરૂરી પણ છે.આમ છતાં, આપણાને બધાયને અમુક બ્રાન્ડસની સ્મૃતિ તો સદાય તાજી રહેવાની.'













